## સંક્ષિપ્ત સમાચાર

### ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના કુણી ગામે ' વિશ્વ મેલેરિયા દિવસ 'ની ઉજવણી



**ગળતેશ્વર :** આયુષ્યમાન આરોગ્ય મંદિર કુણી-1 ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરબીયાના સુપરવાઇઝર ઇરફાન શેખ, કુણી ગામના એમ.પી.એચ.ડબલ્યુ જયેશ ચૌહાણ તથા આશાબહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણીના ભાગરૂપે વાહકજન્ય રોગ વિશે મેલેરિયા વિશે વિસૃત્ત જાણકારી આપવામાં આવી સાથે મચ્છરના ઉત્પતિ સ્થાનો થી લઈ મચ્છરના જીવનચક્ર, મચ્છર ની પ્રજાતિઓ વિશે ગ્રામજનો ને બહોળી સમજ આપવામાં આવી હતી. મચ્છરની ઉત્પતિ રોકવા માટેના ઉપાયો (સાફ-સફાઇ, એબેટ એપ્લિકેશન,ગપ્પીફીશ,ઓઇલના દડા નો ઉપયોગ) વિશે સમજ આપી હતી. ગ્રામ જનો પાસે કર્મચારીઓ દ્વારા મેલેરિયા નાબૂદી માટે સાથ આપવા અપીલ કરી હતી.

### આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો



**આણંદ :** આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા આણંદ જિલ્લા પ્રિન્સિપલ ડીસ્ટ્રીક જજનો વિદાય સમારોહ નવનિયુક્ત પ્રિન્સિપલ ફેમિલી જજ એમ.એમ.પટેલનો સ્વાગત કાર્યક્રમ તેમજ ડિસ્ટ્રિક્ટ બાર એડવોકેટનો સન્માન સમારોહ યોજાયો હતો. આણંદ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આણંદ જિલ્લા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ વી.બી.ગોહિલની બદલી રાજકોટ કોર્ટમાં થતા તેમજ આણંદ ફેમિલી કોર્ટમાં ખાલી પડેલ જગ્યાએ નવનિયુક્ત એમ.એમ.પટેલની નિમણૂંક થતાં અને ડિસ્ટ્રિક્ટ 12 એસોસિએશન દ્વારા જિલ્લાના વકીલોનો મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન અતિથિ વિશેષ ડિસ્ટ્રીક જજ વી.બી.ગોહેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીસ્ટ્રીક બરના પ્રમુખ દર્મેન્દ્રભાઈ જોષી, મંત્રી દીપકભાઈ બેનેવાલ, ઉપપ્રમુખહિતેશભાઈ ચાવડા, ભૂમિબહેન પંડ્યા, નિરાલબહેન પટેલ, હિનાબહેન દવે વિગેરે હાજર રહ્યાં હતાં.

### ખંભાતના આંબાખાડ શ્રીનિત્યાનંદ આશ્રમ ખાતે 108 હોમાત્મક યજ્ઞ યોજાયો



**ખંભાત :** ખંભાતના આંબાખાડ વિસ્તારમાં આવેલ શ્રીનિત્યાનંદ આશ્રમ ખાતે હનુમાન જન્મોત્સવ નિમિત્તે 108 હોમાત્મક યજ્ઞ અને હનુમાન ચાલીસાનું વર્ષોથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ હનુમાન ચાલીસાનું આયોજન આશ્રમના ટ્રસ્ટી વિનુભાઈ પટેલ, જયવીર હનુમાન ભક્ત મંડળના અરવિંદભાઈ પટેલ, રણજીતસિંહ સિંઘા,મનીષભાઈ સરકાર, હિતુભા ગોહિલ,જતીનભાઈ રાણા, આશિષભાઈ સહીત ગુરુભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આશ્રમ ખાતે મોટી સંખ્યામાં ગુરુભક્તો ઉપસ્થિત રહી આરતી દર્શનો સહિત પ્રસાદનો લ્હાવો લીધો હતો.

### ગળતેશ્વરના કુણી ખાતે બ્રહ્માણી માતાજીના 21 માં પાટોત્સવની ઉજવણી કરાઇ



**ગળતેશ્વર :** કુણી ગામે બારોટ સમાજ દ્વારા બ્રહ્માણી માતાજીના 21મા પાટોત્સવની ઉજવણી રંગેચંગે કરવામાં આવી હતી. દરવર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી માસમાં કુણી ગામે બ્રહ્માણી માતાજીના મંદિરે ખૂબ જ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. નવચંડી યજ્ઞ કરવામાં આવ્યું હતું અને ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને સાંજે મહાઆરતી કરવામાં આવી હતી. રાત્રે 10-00 કલાકે રાસ-ગરબા તથા ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

---

**આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં ભરઉનાળામાં વ્હેલી સવારે ગાજવીજ સાથે વરસાદ પડ્યો**

# ચરોતરમાં ચૈત્ર માસમાં જ ચોમાસાનું વાતાવરણ

**વાતાવરણમાં** અચાનક પલટો, આગ ઝરતી ગરમી વચ્ચે છુટાછવાયા સ્થળોએ વરસાદના અમી છાંટા



(પ્રતિનિધિ) નડિયાદ તા.26

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં અંગ દઝાડતી ગરમી વચ્ચે શુક્રવારની વ્હેલી સવારે અચાનક જ વાતાવરણ પલટાયું હતું. 41 ડિગ્રી તાપમાનના બદલે વ્હેલી સવારે જ ગાજવીજ સાથે વરસાદનું ઝાપટું પડ્યું હતું. આ ઉપરાંત બપોર સુધી વાદળછાંયુ વાતાવરણ જોવા મળ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના અમી છાંટા પડ્યાં હતાં.

ચરોતરમાં ચૈત્ર માસમાં જ ચોમાસું વાતવરણ જોવા મળ્યું હતું. પંથકમાં શુક્રવારે વ્હેલી સવારે એકાએક વાતાવરણમાં પલટો આવી ગયો છે. આ વાતાવરણના કારણે ગરમીમાં આંશીક રાહત મળી હતી. જોકે છેલ્લા 3 દિવસથી તાપમાનનો પારો 40 ઉપર રહેતા લોકો ત્રાહીમામ પોકારી ઊઠયા હતા. વરસાદના કારણે એક અંદરે થોડી ગરમી ઓછી છે. સવારથી જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું હતું. આ વચ્ચે સવારના સમયે રોડ ભીંજવી દે તેવો છુટોછવાયો વરસાદ પડ્યો છે. આ કમોસમી વરસાદને પગલે ખેડૂતોએ કરેલા પાકમાં નુકશાની થવાની ભિતી સેવાઈ છે. આ કમોસમી વરસાદને પગલે શાકભાજીમાં પણ નુકસાનની ભીતી સેવાઈ રહી છે. આ અમી છાંટણા વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ વાદળછાયા વાતાવરણના બે દિવસ પછી પણ આકરો તાપ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. જોકે હાલ તો વાદળછાયા વાતાવરણના કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. પરંતુ વરસાદના અમી છાંટણાથી બાફ અને ઊકળાટમાં વધારો થયો છે.

### આણંદમાં આકરા ઉનાળામાં ઝાપટું, ગરમીમાં રાહત પણ ખેતીમાં નુકસાનની ચિંતા

આણંદ શહેર સહિત કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે આણંદ શહેર સહિત આસપાસના વિસ્તારમા વરસાદી ઝાપટું પડ્યું હતું. જેથી આકારા ઉનાળામાં ગરમીથી આંશિક રાહત થઇ હતી. પરંતુ તૈયાર પાક ઉપજ મેળવવા ટાણે નુકસાન થવાની ચિંતા પણ પ્રસરી હતી. હાલમા ઉનાળાની સિઝન સમગ્ર જીલ્લામાં સૂરજદાદા પોતાના પ્રભાવ હેઠળ ધોમધખતી ગરમીથી લોકોને દઝાડી રહ્યા છે. ગરમીનો પારો 40 ડીગ્રીને પાર થઈ રહ્યો છે. ત્યારે શુક્રવારે વહેલી સવારથી વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. સમગ્ર આણંદ જિલ્લામા આજે વાદળછાયું વાતાવરણ છવાઇ ગયું હતું. ઘટાઘોર વાદળો અને પવનની ગતિ સાથે વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. હાલ ઉનાળાની ઋતુમાં ધોમધખતા તાપમાંથી લોકોને થોડીક રાહત મળી છે. જો કે, વરસાદી વાતાવરણ થઈ જતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. વરસાદી ઝાપટાના કારણે ખેડુતોના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, બેવડી ઋતુના કારણે રોગચાળો વકરે તેવી પણ શક્યતા છે. હાલ એપ્રિલ મહિનામાં રાજ્યભરમાં હીટવેવની અસર શરુ થતાં ગરમીનો પારો 40 ડીગ્રીની સપાટીએ પહોંચી ગયો છે. આવા ઉંચા તાપમાન વચ્ચે સવારથી આણંદ શહેર સહિત જિલ્લામાં વાદળછાયું વાતાવરણ છવાયું હતુ.

---

# ડાકોરમાં તમામ ઘાટ ગંદકી તેમજ લીલથી ખદબદતા પારાવાર હાલાકી

**ડાકોરમાં** કચરાના ઢગલા ના હટાવાતાં રોજબરોજ મુંગા પશુઓ ગંદકીમાં રહેતાં વિકટ પરિસ્થિતિ




તસવીરઃ મહેશ શાહ

(પ્રતિનિધિ) ડાકોર, તા.26

યાત્રાધામ ડાકોર ડાકોર નગરપાલિકાની અણ આવડત ના લીધે ડાકોર ગામમાં ઠેર ઠેર કચરાના ઢગલા જોવા મળે છે . જેના લીધે ડાકોર ગામમાં ગાયો કચરો ખાઈ જતા પ્લાસ્ટિકની થેલીઓનો જથ્થો પેટમાં જાય છે. જેના કારણે ગાય સહિત મુંગા પશુઓ માટે જોખમી સ્થિતિ સર્જાઈ રહી છે. ડાકોર નગરપાલિકા કચરો સાફ-સફાઈ કરવામાં છેલ્લા ઘણા સમયથી બેદરકાર છે. તદુપરાંત ડાકોર નગરપાલિકાના અણઘડ વહીવટના કારણે સફાઈ કર્મચારી પણ હેરાન પરેશાન થઈ ગયા છે. તેમને પાસે પૂરતા પ્રમાણમાં સામાન પણ નથી. વાળવા માટે ઝાડુ તેમજ ડસ્ટબીનની પણ વ્યવસ્થા નથી.

ડાકોરના સફાઈ કર્મચારીઓના પગાર નહીં થવાથી મુશ્કેલીઓ વેઠવી પડે છે. ડાકોરની ફફોડી હાલત બાબતે ડાકોરના સત્તાધીશોએ જવાબદાર હોવાનું ડાકોરમાં ચર્ચાઈ રહ્યું છે. પ્રજાની સુખાકારી માટે બેફિકર તંત્ર વહેલામાં વહેલી તકે ગંદકી હટાવવા તેમજ નિયમિત સાફસફાઈ કરે તેવી માંગ ઉઠી છે.

### સફાઈ કામગીરી અભાવે રોગચાળાની દહેશત

ડાકોરમા સફાઈ બાબતે ઘણા બધા દિવસોથી સ્થાનિકો હેરાન થઈ રહ્યા છે. સફાઇ અભાવે ગંદકી થતાં મુંગા પશુઓ માટે જોખમી સ્થિતિ છે. ગોમતીતળાવ વિસ્તારમાં ગંદકી ખુબજ પ્રમાણમાં થઈ ગઈ છે. જો ડાકોર મા ગોમતી તળાવ ની પણ સફાઈ નહિ કરવામાં આવતો રોગચોળો ફાટી નીકળશે. તેવી ચિંતાજનક સ્થિતિ હોવાનું નાગરિકો દ્વારા જણાવાયું છે.

# ચરોતરમાં ડીપીની કોયલ ચોરી કરતો શખ્સ પકડાયો

**આણંદ અને** ખેડાની 10 જેટલી ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.26

ખેડા ટાઉન પોલીસે ગતરોજ પોતાના હદ વિસ્તારમાં આવેલા ચાદણા ગામની સીમમાંની હોટલથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસે આ વ્યક્તિને ઉઠાવી લાવી પુછપરછ કરતા 10 ચોરીનો ભેદ ખુલ્યો છે. સૌપ્રથમ તો પોલીસે આ વ્યક્તિની પુછપરછ આદરી હતી. જેમાં તણે પોતાનું નામ અનીલ ઉર્ફે હર્ષદ હઠીસિહ વાઘેલા (રહે.ખુમરવાડ, તા.જિ.ખેડા) કબુલાત કરી હતી. પોલીસની વધુ પૂછપરછમાં આ અનિલ ઉર્ફે હર્ષદે 10 જેટલી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

આ ઉપરાંત અનિલ ઉર્ફે હર્ષદ પાસેથી ચોરીનું મોટર સાયકલ સહિત 32 હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. ખેડા, ગાડવા-ગોઠાજ, આણંદ સહિત 10 જગ્યાએ કોપર કોયલની ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસની તપાસમાં પકડાયેલ આરોપી અગાઉ M.G.V.C.L.મા કોન્ટ્રાક્ટર સાથે મજુરી કરવા જતો હોય તેમજ ટ્રાન્સફોર્મરને લગત કામગીરીનો જાણકાર હતો. આ આરોપી M.G.V.C.L.ના લગત કામકાજ માટે ખેડા, મહેમદાવાદ, માતર, લીંબાસી ગામે જતો હતો તેમજ આ આરોપી TC ના ચાલુ કરન્ટને લાકડાનો ડંડો મારી કરન્ટ બંધ કરી ટ્રાન્સફોર્મર તોડી કોપરની કોયલ ચોરી કરતો હોવાની વિગતો બહાર આવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

### આખડોલ નજીક એક્ટિવા અડફેટે મહિલાને ઈજા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

નડિયાદના આખડોલમાં રહેતા ફારૂકમિયા નબીમિયા શેખ સવારના મહાગુજરાત હોસ્પિટલ પાસે સોસાયટીમાં સેન્ટીગનું કામ હોવાથી ત્યાં ગયા હતા. લગભગ બપોરના એક વાગે તેમનાં મિત્ર મજૂરહુસેન પાસેથી જાણવા મળ્યું હતું કે આખડોલ નજીક તેમની માતા જોહરાબીબીનો અકસ્માત થયો છે. જેથી તે સ્થળ પર પહોંચ્યાં હતાં. જોહરાબીબી સવારના ખેતરમાંથી ઘરે આવવા નીકળ્યા હતા, તે સમયે રોડ ક્રોસ કરતા મિત્રાલ બાજુથી પુર ઝડપે આવી રહેલા એક્ટિવા જી.જે 7 ઈ.પી 0778ના ચાલકે ટક્કર મારી હતી. જેમાં જોહરાબીબી જમીન પર પટકાતાં ગંભીર ઈજા થઈ હતી. આ અંગે એક્ટીવા ચાલક સામે નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# વીરપુરમાં લગ્નમાં આવેલો 27 વર્ષથી વોન્ટેડ પકડાયો

**ભાણેજના** લગ્નમાં આવ્યો હોવાની બાતમી મળતાં પોલીસે પકડી પાડ્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.26

વીરપુરમાં છેલ્લા 27 વર્ષથી વોન્ટેડ અપહરણના આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. આ શખ્સ તેની ભાણેજના લગ્નમાં મામા માયરામાં બેસાડવા આવ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. આ અંગે પોલીસે તેની સામે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વીરપુર પોલીસ મથકે 1998માં પ્રભાત ભેમાભાઈ કોટવાલ (રહે. કાળાપાળા, તા. વીરપુર) સામે અપહરણનો ગુનો નોંધાયો હતો. આ શખ્સ 27 વર્ષથી ભાગતો ફરતો હતો. આ ઉપરાંત ગુનો નોંધાયાં બાદ તે વતનમાં પણ આવ્યો નહતો. જ્યારે પોલીસ તપાસમાં પણ તેનું કોઈ સરનામું કે નંબર મળતો નહતો.



આ દરમિયાન બાતમી મળી હતી કે, પ્રભાત કોટવાલ 26મી એપ્રીલના રોજ સરાડીયા ગામમાં ભાણેજના લગ્નમાં આવશે. તેમના સમાજમાં કન્યાને તેના મામા માયરામાં (ચોરીમાં) બેસાડતાં હોવાનો રિવાજ છે. આથી, લગ્નમાં આવે તેવી પુરી સંભાવના છે. આ બાતમી આધારે પોલીસે લગ્ન પ્રસંગમાં સરાડીયા ગામમાં ખરાઈ કરી વોચ ગોઠવી હતી. આખરે પોલીસે પ્રભાત ભેમા કોટવાલ (ઉ.વ.50)ને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કપડવંજ સેન્ટ્રલ બેંકની શાખામાં અપૂરતા સ્ટાફથી ગ્રાહકો પરેશાન

**ખાતાધારકો** અને લોનધારકોને પારાવાર મુશ્કેલીઓ

(પ્રતિનિધિ) આણંદ, તા.26

કપડવંજમાં આવેલી સેન્ટ્રલ બેંકમાં અપુરતા સ્ટાફના કારણે ખાતેદારોને ભારે હાલાકી ભોગવવાનો વખત આવ્યો છે. આ અંગે મેનેજરનું ધ્યાન દોરવા છતાં કોઇ પગલાં ન ભરાતાં રોષ ફેલાયો છે.

કપડવંજની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા શાખામાં છેલ્લા ઘણા સમયથી અપુરતો સ્ટાફ છે.જેમાં પરમેનન્ટ ફાઈનાન્સ ઓફીસર ઉપરાંત અન્ય સ્ટાફ ઓછો છે.આ બાબતે ઐયુબબેગ મીરઝાએ રીજીયોનલ મેનેજર હિમાંશુ ગુપ્તાને વારંવાર રજૂઆત કરવા છતાં પણ તેઓએ રજૂઆત ધ્યાને લીધી નથી.બેંકમાં છેલ્લા એક વર્ષથી ફીલ્ડ ઓફિસર અને અપુરતો સ્ટાફ હોવાથી લોન ધારકો તથા ખાતેદારોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી ઐયુબબેગ મીરઝાએ બેંક સત્તાવાળાઓને ચેતવણી આપી છે કે આઠ દિવસમાં સ્ટાફની જોગવાઈ નહીં કરવામાં આવે તો માત્ર 10 દિવસમાં પાક ધિરાણની જેટલી પણ લોન ફાઈલો છે. તે બંધ કરવાની ચિમકી ઉચ્ચારી છે.તથા બેંકના ગ્રાહકોના હિતમાં બેંક સામે ના છુટકે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.




તસવીરઃ હરિશ જોષી

---

# વીરપુરના ગામોમાં તળાવ ભરવા ગ્રામજનોની માંગણી

**ચૂંટણી બહિષ્કારની** ચીમકી ઉચ્ચારતા અધિકારીઓ દોડી સમાધાન કર્યું

(પ્રતિનિધિ) વીરપુર તા.26

વીરપુર તાલુકાના આસપુર ગામનુ તળાવ પાણી ભરવાને લઈને ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હતો અને લોકસભાની ચુંટણીનો બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી. આખરે ગ્રામજનો સાથે બેઠક બાદ મામલો થાળે પડયો હતો.

વીરપુર તાલુકાના આસપુર ગામે છેલ્લા કેટલાય વર્ષોથી ગામનું તળાવ પાણીથી ભરવાને લઈને અનેક રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નહોતી. ગામના ખેડૂતો દ્વારા અગાઉ લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. બાદમાં તંત્ર દોડતું થયું હતું અને આસપુર ગામે અધિકારીઓએ ધામા નાંખ્યાં હતાં. ત્રણ કલાક સુધી ચાલેલી બેઠકમાં સિંચાઈ વિભાગ, નાયબ કલેકટર, પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ચુંટણી અધિકારી સહિતના અધિકારીઓ દ્વારા ગ્રામજનો ચુંટણી બાદ તળાવમાં પાણી ભરવા માટેની સૈધ્ધાંતિક મંજુરી સહિતની કામગીરી કર્યા બાદ પાણી તળાવમાં નાખવામાં આવશે. જેની ખાતરી આપ્યા બાદ ગ્રામજનોએ અધિકારીઓ પર વિશ્વાસ મૂકીને ચૂંટણી સમય મતદાન કરવા તૈયાર થયા હતા. આમ ત્રણ કલાકની બેઠક બાદ અધિકારીઓ ગ્રામજનોને મતદાન કરવા માટે મનાવવામા સફળ રહ્યાં હતાં.

# ચાંગા સ્થિત ચારુસેટમાં 'વર્લ્ડ ઓપ્ટોમેટ્રી ડે 'ની ઉજવણી કરાઇ

**બીડીઆઈપીએસના** ઓપ્ટોમેટ્રી વિભાગ દ્વારા શાળાના વિદ્યાર્થીઓની આંખની તપાસ કરાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.26

ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન બાપુભાઇ દેસાઇભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ સાયન્સ (બીડીઆઈપીએસ)ના ઓપ્ટોમેટ્રી વિભાગ દ્વારા વર્લ્ડ ઓપ્ટોમેટ્રી ડેની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે મિત્રાલની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની આંખની તપાસ કરવામાં આવી હતી. જેમાં આંખની તપાસનો કુલ 91 વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

મિત્રાલની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની આંખની સંભાળ માટે સર્વગ્રાહી અભિગમ જોવા મળ્યો હતો. આંખની વ્યાપક તપાસની સાથે સાથે, સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને આંખની સંભાળની પુસ્તિકાઓ, ગોગલ્સ અને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો હેતુ દ્રષ્ટિના સ્વાસ્થ્યના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને બાળકોને આંખની સંભાળ લેવા અંગે પ્રોત્સાહિત કરવાનો હતો. આ ઉપરાંત ઓપ્ટોમેટ્રી વિભાગના વિદ્યાર્થીઓએ પ્રિય કાર્ટૂન પાત્રોને દર્શાવતું નાટક રજૂ કરીને સર્જનાત્મક પહેલ કરી હતી.

આ ઉજવણીના બીજા ભાગમાં ઓપ્ટોમેટ્રીના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં વધુ જોડાય તે માટે સેલ્ફી બૂથની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ બૂથ વિદ્યાર્થીઓને આંખની સંભાળ વિશે જાગૃતિ લાવવા પ્રોત્સાહિત કરતું હતું. નોંધનીય છે કે ઓપ્ટોમેટ્રી વિભાગના ત્રીજા વર્ષના વિદ્યાર્થી સેલ્ફી બૂથ સ્પર્ધાના વિજેતા થયા હતા. આ વિવિધ પ્રવૃત્તિઓ મિત્રાલના બાળકો અને ગ્રામજનો માટે ઉજ્જવળ ભવિષ્યની ખાતરી કરાવવાની કોલેજની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સહયોગી પ્રયાસો અને નવીન અભિગમો દ્વારા કોલેજનો હેતુ શ્રેષ્ઠ દ્રષ્ટિ આરોગ્ય જાળવવા માટે લોકોને જરૂરી જ્ઞાન અને સંસાધનો સાથે સશક્ત બનાવવાનો છે.

આ કાર્યક્રમના અંતે ઓપ્ટોમેટ્રી વિભાગના વડા જયદેવસિંહ પારગરાએ પરિસરમાં આંખની તપાસ કેમ્પ યોજવાની પરવાનગી આપવા બદલ શાળાના આચાર્યનો આભાર વ્યક્ત કર્યો હતો.